નં.એકેડેમિક/૫૭૨૬/૨૦૧૬ તા. ૯-૫-૨૦૧૬

પ્રતિ,

નિયામકશ્રી
શાંતિ બિઝનેશ સ્કુલ
વ્રજ ગાર્ડન સામે, એસ.પી.રીંગ રોડ સામે
સેલા, અમદાવાદ

વિષય- આપની સંસ્થા શાંતિ બિઝનેશ સ્કુલ અમદાવાદ દ્વારા ઉઘરાવેલ ફી દંડ સહિત પરત કરવા બાબત.

સંદર્ભ- શિક્ષણ વિભાગના પત્રાંક: ગજય-૨૦૧૬/૮૧(૧)-ખ.૧ તા.૪-૫-૨૦૧૬નો પત્ર

શ્રીમાન,

ઉપરોકત વિષય અને સંદર્ભમાં માન.કુલપતિશ્રીના આદેશાનુસાર સાદર જણાવવાનુ કે, શિક્ષણ વિભાગના પત્રાંક:ગજય-૨૦૧૬/૮૧(૧)-ખ ૧ તા.૪-૫-૨૦૧૬નો પત્ર અત્રે આવેલ છે, જે સામેલ છે. જે સ્વયંસ્પષ્ટ છે તે મુજબ કાર્યવાહી કરવાનો આદેશ કરવામાં આવે છે. અને થયેલ કાર્યવાહીની જાણ અત્રે તેમજ શિક્ષણ વિભાગને કરવાનું રાખશો.

આપનો વિશ્વાસુ

કા.કુલસચિવ

બિડાણ- ઉપર મુજબ

તાત્કાલિક.

ક્રમાંકઃ ગજય-૨૦૧૬-૮૧(૧)-ખ૧,
શિક્ષણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- ૪.૫.૨૦૧૬

પ્રતિ,
રજીસ્ટ્રારશ્રી,
ગુજરાત યુનિવર્સિટી,
નવરંગપુરા, અમદાવાદ.

વિષયઃ- શાંતિ બિઝનેશ સ્કુલ, અમદાવાદ ધ્વારા ઉઘરાવેલ ફી દંડ સહિત પરત કરવા અંગે.

શ્રીમાન,

ઉપરોકત વિષય અન્વયે આજ્ઞાનુસાર જણાવવાનું કે, શાંતિ બિઝનેશ સ્કુલ, અમદાવાદે યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન ધ્વારા નિયત કરવામાં આવેલ નિયમો વિરુધ્ધ બી.બી.એ.નો કોર્ષ વર્ષ ૨૦૧૩ થી આપની ગુજરાત યુનિવર્સિટીના કાયક્ષેત્રમાં ચલાવવામાં આવ્યો હોવાથી વિધાર્થીઓનું અહિત થયેલ છે. વિધાર્થીઓને થયેલ નુકશાન બદલ શાંતિ બિઝનેશ સ્કુલ, અમદાવાદ ધ્વારા જે ફી ૨૦૧૩ થી અત્યાર સુધી ઉઘરાવી છે તેના ૫૦ ટકા જેટલો નાણાંકીય દંડ એટલે કે ૧૫૦ ટકા દર વર્ષની રકમ પ્રત્યેક વિધાર્થીને નુકશાનના પ્રમાણમાં વળતર પેટે ચુકવવા શાંતિ બિઝનેશ સ્કુલ, અમદાવાદને લેખિતમાં જાણ કરી વિધાર્થીઓની ફી પરત કરવા માટે આદેશ કરવા પણ આથી જણાવવામાં આવે છે.

આપનો વિશ્વાસુ,

( નિકુંજ જાની )
ઉપસચિવ.
શિક્ષણ વિભાગ.